# GUJARAT LIVELIHOOD PROMOTION COMPANY

**(An implementing Agency for Mission Mangalam)**
**Block No-18, 3rd Floor, Udyog Bhavan, Sector-11, Gandhinagar.**
**Ph :- 232-48513/14, (M) 9099976983**


No. MM/GLPC/Ac/Bank/ /13 Date: - 11/02/2014

To,
Chief Manager,
Bank of Baroda,
Vidhansabha Branch,
Sector -11, Gandhinagar.

**Subject:** - Transfer of fund to Mentioned A/c No.

Dear Sir,

Please find enclosed the cheque No.000122 Dated.11 **.02.2014 Rs.20,60,000/-** (Rs. Twenty lakh Sixty thousand Only) in favoring you. Kindly credit the following amount from our M.D. GLPC Ltd, Bank A/c No. **24640200000407** to the individuals A/c. detail mentioned under :-

| No. | Director, DRDA | Bank Name & Branch | Bank A/c No. | Release of Grant (Rs.in Lacks) | IFC/RTGS. |
|---|---|---|---|---|---|
| 1 | Bharuch | Bank of Baroda, Bharuch | 12430100022850 | 10,00,000 | Transfer |
| 2 | Sabarkantha | Bank of Baroda, Himmatnagar | 12420100014328 | 10,60,000 | Transfer |
| | | **TOTAL:-** | | **20,60,000/-** | |

Thanking You,

Yours Faithfully,

General Manager (Accounts & Fina)
Gujarat Livelihood Promotion Company Ltd.
Gandhinagar

Encl: - Cheque No: -000122 , Dt.11 /02/2014
Rs. 20,60,000/-

BANK OF BARODA VIDHANSABHA BR.

બેંકો દ્વારા મહિલા સ્વસહાય જૂથોને
આપવાની થતી ધીરાણ સવલતો
ઉપર ૫% વ્યાજ સહાયની યોજના
અન્વયે ગ્રાન્ટ ફાળવણી કરવા
બાબત. વર્ષ: ૨૦૧૩-૧૪

આદેશ નં. જીએલપીસી/એમ.એફ.&એફ.આઇ./ઇન્ટરેસ્ટ સબસીડી/૭૩૬૪-૭૪૯૪ /૨૦૧૪
ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી.
બ્લોક નં.૧૮, ત્રીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તારીખ: ૧૦/૦૨/૨૦૧૪.

## વંચાણે લીધા:

૧. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:- આઇડીબી/ ૧૦૨૦૧૨/મિશનમંગલમ/એસએફએસ-૨૬૩૨૧૪/ખ-૧, તા.૨૩ એપ્રિલ,૨૦૧૨
૨. મેનેજીંગ ડીરેક્ટર, જી.એલ.પી.સી. ના પરિપત્ર નં જીએલપીસી/એમએફ/૨૦૨૦/૨૦૧૨ તા.૧૭/૦૯/૨૦૧૨
૩. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:- આઇડીબી/ ૧૦૨૦૧૩/મિશનમંગલમ/એસએફએસ-૫૩૦/ખ-૧, તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૧૩

## કાર્યાલય આદેશ:-

સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે ગુજરાત રાજ્યમાં મહિલાઓનાં સશક્તિકરણ અને ગરીબોનાં જીવનધોરણમાં સુધારો લાવીને માનવ સૂચક આંક (H.D.I.) માં સુધારો લાવવા માટેનાં હેતુથી "મિશન મંગલમ" નામનો કાર્યક્રમ સંપૂર્ણપણે રાજ્ય પુરસ્કૃત તરીકે રાજ્ય સરકારની ૧૦૦% આયોજીત (પ્લાન) જોગવાઈમાંથી અમલમાં મૂકવામાં આવેલ છે.

ગુજરાત સરકાર દ્વારા પહેલ કરીને મિશન મંગલમ યોજના અમલમાં મૂકીને મહિલાઓની આર્થિક સક્ષમતા વધારવાની દિશામાં એક અભૂતપૂર્વ પગલું ભરવામાં આવ્યુ છે. મિશન મંગલમ કાર્યક્રમ હેઠળ સ્વ-સહાય જૂથોને ધીરાણ સવલતો ઉપર વ્યાજ સહાય યોજનાનો અમલ કરવા ગુજરાત સરકાર દ્વારા તા. ૨૩ એપ્રિલ, ૨૦૧૨ ના ઠરાવથી શરુઆત કરવામા આવેલ છે. વંચાણે ૩ થી ૫% વ્યાજ સહાય યોજ્ના માટે વર્ષ ૨૦૧૩-૧૪ માટે મંજુરી મળેલ છે.

બેંકો દ્વારા મહિલા સ્વ-સહાય જૂથોને આપવાની થતી ધીરાણ સવલતો ઉપર ૫ ટકા વ્યાજ સહાય યોજનાના અમલીકરણની પ્રક્રિયા અનુસાર દર વર્ષે સપ્ટેમ્બર તથા માર્ચને અંતે અર્ધવાર્ષિક ધોરણે દાવાઓ કરશે. સદરહુ દાવાની રકમનું ચુકવણું સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે જે તે લાભાર્થી જૂથના બચત ખાતામાં જમા કરાવવાની વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે દરેક બેંક દ્વારા જિલ્લા કક્ષાએ પોતાની શાખાઓ પૈકી એક શાખાને નોડલ શાખા તરીકે પસંદ કરીને તે નોડલ શાખાની વિગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને આપેલ હશે. જે અનુસાર જિલ્લામાંથી એપ્રિલ ૨૦૧૩ થી સપ્ટેમ્બર ૨૦૧૩ના સમયગાળા માટે ગ્રાંટ જરૂરીયાતની આવેલ દરખાસ્ત મુજબ સ્વ-સહાય જૂથને પરત ચુકવણી વ્યવસ્થા મુજબ લોન ભરપાઇ માટે પ્રોત્સાહન તરીકેની વ્યાજ સહાયકી યોજના અન્વયે ગ્રાંટ ફાળવવાની થાય છે.

આ યોજનાની ગ્રાંટની રકમ મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી.ના મિશન મંગલમ ખાતા નં.૨૪૬૪૦૨૦૦૦૦૦૪૦૭ બેંક ઓફ બરોડા, વિધાનસભા શાખા, ગાંધીનગરમાંથી જે તે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને નીચે દર્શાવેલ ગ્રાંટ ફાળવણી પત્રક મુજબ તેમની સામે જણાવેલ મિશન મંગલમનાં બેંક ખાતામાં NEFT/RTGS થી તબદીલ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને ફાળવેલ રકમનાં ખર્ચ અંગેનાં હિસાબો રાખવાનાં રહેશે તેમજ આ ગ્રાન્ટ જે હેતુ માટે ફાળવવામાં આવેલ છે તે જ હેતુમાં ખર્ચ કરી નિયત નમૂનામાં ગ્રાન્ટ વપરાશનાં પ્રમાણપત્રો અત્રેની કચેરીને મોકલવાનાં રહેશે.

આ અંગેનો ખર્ચ જી.એલ.પી.સી.ના મિશન મંગલમનાં હેઠળ માઇક્રોફાઇનાન્સ અને ફાઇનાન્સિયલ ઇન્કલુઝન વર્ટીકલ સદરે ઉધારવાનો રહેશે.

<u>ગ્રાન્ટની ફાળવણી દર્શાવતુ પત્રક</u>

| અનુ. | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું નામ | આ હુકમથી છુટી કરવામાં આવેલ ગ્રાન્ટ (રૂા.લાખમાં) | બેન્કનું નામ | મિશન મંગલમ બેન્ક ખાતા નંબર |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૦.૦૦ | બેંક ઓફ બરોડા, ભરૂચ | ૧૨૪૩૦૧૦૦૦૨૨૮૫૦ |
| ૨ | સાબરકાંઠા | ૧૦.૬૦ | બેંક ઓફ બરોડા, હિંમતનગર | ૧૨૪૨૦૧૦૦૦૧૪૩૨૮ |
| | કુલ | ૨૦.૬૦ | (અંકે રૂપિયા વીસ લાખ સાહિઠ હજાર પુરા) | |

(એ. જે. શાહ)
મેનેજીંગ ડીરેક્ટર
ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી.
ગાંધીનગર

પ્રતિ,
જનરલ મેનેજરશ્રી (એકાઉન્ટ & ફાઈનાન્સ), જી.એલ.પી.સી., ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>
સિનીયર જનરલ મેનેજર-વ-નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ____________
ડી.એલ.એમ.શ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ____________